**UDHNA CITIZEN COMMERCE COLLEGE &**
**SPB COLLEGE OF BUSINESS ADMINISTRATION &**
**SMT. DIWALIBEN HARJIBHAI GONDALIA COLLEGE OF BCA & I.T.**
(Managed by: Udhna Academy Education Trust, Surat)

---

# એકમ પડતર પદ્ધતિ (થીયરી)

1. એકમ પડતર પદ્ધતિ નો અર્થ:

એકમ પડતર પદ્ધતિ એ ખર્ચ ગણતરીની એવી પદ્ધતિ છે જેમાં ઉત્પાદનના દરેક એકમ પાછળના સરેરાશ ખર્ચ ની ગણતરી કરવામાં આવે છે.

આ પદ્ધતિ સામાન્ય રીતે એવા ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવાય છે જ્યાં:

- માલ અથવા ઉત્પાદનો એકસરખા હોય છે
- ઉત્પાદન સતત અને વિશાળ માત્રામાં થાય છે
- દરેક એકમનો ખર્ચ લગભગ સમાન હોય છે

---

📘 ઉદાહરણ:

- **સિમેન્ટ બનાવતી ફેક્ટરી**
- **પેટ્રોલિયમ ઉદ્યોગ**
- **પેપર મિલ**
- **ખાદ્યતેલ ઉત્પાદન**
- **ખાદ્યપદાર્થ (બિસ્કિટ, પાઉડર વગેરે)**

---

📊 **એકમ પડતર પદ્ધતિમાં ગણતરી:**

**એકમ પડતર = કુલ ઉત્પાદન ખર્ચ ÷ કુલ ઉત્પાદિત એકમો**

**2.** વિશેષતાઓ

1. **એકસરખી ઉત્પાદન પ્રક્રિયા**:
   ઉત્પાદનો કદ, સ્વરૂપ અને ગુણવત્તામાં લગભગ એકસરખા હોય છે.
2. મોટા પાયે ઉત્પાદન:
   મોટા પાયે ઉત્પાદન થતું હોય છે.
3. **એકમ દીઠ ખર્ચનું માપ**:
   કુલ ખર્ચને કુલ ઉત્પાદિત એકમોથી ભાગીને પ્રતિ એકમનો ખર્ચ ગણવામાં આવે છે.
4. **દરેક એકમ માટે સમાન ખર્ચ**:
   દરેક ઉત્પાદિત એકમ માટે લગભગ સમાન ખર્ચ થાય છે.

**3. એકમ પડતર પદ્ધતિ ના ફાયદા**

1. **સરળતા અને સ્પષ્ટતા**:
   પદ્ધતિ સરળ હોવાથી નાના ઉદ્યોગો પણ તેનો ઉપયોગ કરી શકે છે.
2. **વેચાણ કિંમત નિર્ધારણમાં સહાય**:
   એકમ દીઠ ખર્ચ દ્વારા વેચાણ કિંમત નક્કી કરવામાં સહાય થાય છે.
3. **મૂલ્યાંકન માટે સહાયક**:
   સ્ટોકનું મૂલ્યાંકન સરળતાથી કરી શકાય છે.
4. **નિયંત્રણ માટે સહાયક**:
   યુનિટ લેવલના ખર્ચની માહિતીથી બેકાબૂ ખર્ચ અટકાવી શકાય છે.
5. **તુલનાત્મક વિશ્લેષણ**:
   ભિન્ન સમયગાળાની કોસ્ટ સાથે તુલના કરી ખર્ચ નિયંત્રિત કરી શકાય છે.
6. **લઘુ ઉદ્યોગો માટે યોગ્ય**:
   ઓછા વિભાગો ધરાવતા ઉદ્યોગો માટે સૌથી વધુ ઉપયોગી પદ્ધતિ.
7. **સ્ટાન્ડર્ડ કોસ્ટિંગમાં આધારરૂપ**:
   આ પદ્ધતિ સ્ટાન્ડર્ડ કોસ્ટિંગનો આધાર બની શકે છે.

---

## 4. પડતરપત્રક માં ન દર્શાવાતી વિગતો

🔴 **1. Purely Financial Expenses** (સંપૂર્ણ નાણાકીય ખર્ચા)

લોન પર વ્યાજ

બેંક ચાર્જીસ

રોકાણ પર નુકસાન

ડિબેન્ચર ઇશ્યૂ પર ડિસ્કાઉન્ટ

આવકવેરો, સંપત્તિ વેરો

ડિવિડન્ડ ચુકવણી

વિનિમય દર પર નુકસાન

---

🔴 **2. Capital Items**

મૂડી ખર્ચ (જેમ કે મશીન ખરીદી)

સ્થિર સંપત્તિ વેચાણ પર નફો કે નુકસાન

સંપત્તિનું પુનમૂલ્યાંકન

---

🔴 **3. Fictitious & Intangible Items Written Off**(માંડી વાળેલ અદ્રશ્ય & અવાસ્તવિક મિલકત

માંડી વાળેલ પાઘડી

માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ

---

🔴 **4. Appropriations & Non-Business Items**( ફાળવણી કે બિન ધંધાદારી વિગતો )

અનામત ખાતે ફેરબદલી

દાન અને સખાવત

દંડ

કુદરતી આફતોથી નુકસાન

માલિક દ્વારા ઉપાડ

---

### 5. અંદાજીત પડતર પત્રક નો અર્થ

**અંદાજીત પડતર પત્રક** એ એક આવક ખર્ચ પત્રક છે જેનો ઉપયોગ ભવિષ્યમાં ઉત્પાદન અથવા વેચાણ માટે થતા અંદાજીત ખર્ચની ગણતરી માટે થાય છે.
આ પત્રક પાછળના આંકડા, વર્તમાન કિંમતના પરિણામો અને ભવિષ્યના અંદાજ પર આધારિત હોય છે.

તે વ્યવસાયોને નીચે મુજબ મદદ કરે છે:

- **વેચાણ કિંમત નક્કી** કરવામાં / ટેન્ડર કિમત નક્કી કરવામાં
- **બજેટ તૈયાર** કરવામાં
- **નફાકારકતાનો અંદાજ** લગાવવા
- **નાણા સંબંધિત નિર્ણયો** લેવામાં

---

### 5. અંદાજીત પડતર પત્રક મહત્વ / હેતુ

**હેતુ**

| | |
|---|---|
| ◆ **કિંમતો નક્કી કરવા** | અંદાજીત ખર્ચ અને ઇચ્છિત નફા પર આધારિત વેચાણ કિંમત નક્કી કરવામાં મદદ કરે છે |
| ◆ **ખર્ચ નિયંત્રણ** | ભવિષ્યના ખર્ચ માટે લક્ષ્યાંક આપે છે |
| ◆ **બજેટ બનાવવું** | ઉત્પાદન અને નાણાંકીય બજેટ તૈયાર કરવામાં ઉપયોગી |

**હેતુ**

| | |
|---|---|
| ◆ **આગામી યોજના બનાવવી** | ભવિષ્યના ઉત્પાદન અને સાધનો માટે યોજના બનાવવામાં મદદરૂપ |
| ◆ **નફો અંદાજવો** | પ્રતિ એકમ અથવા કુલ નફાનો અંદાજ આપે છે |

નોંધ:

૧. રકમમાં કોઈ ઉલ્લેખ ન હોય તો કારખાના પરોક્ષ ખર્ચની વસુલાત પ્રત્યક્ષ મજુરી ના આધારે , વહીવટી પરોક્ષ ખર્ચ અને વેચાણ પરોક્ષ ખર્ચ ની વસુલાત કારખાના પડતરને આધારે કરવી તેમજ અર્ધ તૈયાર માલનું મુલ્યાંકન કારખાના પડતર,તૈયાર માલનું મુલ્યાંકન ઉત્પાદન પડતર ના આધારે કરવું.

૨. અંદાજીત પડતર પત્રક બનાવતી વખતે સ્થિર તેમજ ચલિત ખર્ચમાં ટકાવારી માં ફેરફાર આપ્યો હોય પરંતુ કુલ કે એકમદીઠ નો રકમમાં કોઈ ઉલ્લેખ ન હોય તો સ્થિર ખર્ચમાં કુલ રૂપિયામાં ફેરફાર કરવો અને ચલિત ખર્ચમાં એકમદીઠ ફેરફાર કરવો.